સ્પોર્ટ્સ ફિવર
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

# લોડ્સમાં પાંચ મોટી ભૂલો ભારતને ભારે પડતા તે જીતેલી મેચ હારી ગયું



સોમવારે લોર્ડ્સમાં સમાપ્ત થયેલી ત્રીજી ટેસ્ટમાં થયેલી હાર કરોડો ભારતીય ચાહકો અને ટીમ ઈન્ડિયાને જીવનભર હેરાન કરશે. ભારતીય ટીમ ટેસ્ટના લગભગ 4 દિવસ સુધી મેચ પર પ્રભુત્વ ધરાવતી રહી હતી, પરંતુ ચોથા દિવસના છેલ્લા કલાકથી શરૂ થયેલું ખરાબ વલણ છેલ્લા દિવસના છેલ્લા સેશનમાં મહંમદ સિરાજ બોલ્ડ થયો ત્યાં સુધી ચાલુ રહ્યું. મોટું નામ ધરાવતા ઘણાં બેટ્સમેન યોગ્ય ઈનિંગ રમવામાં નિષ્ફળ રહ્યા. તેવા સમયે રવિન્દ્ર જાડેજા અને નીચલા ક્રમના બેટ્સમેન જસપ્રીત બુમરાહ અને મહંમદ સિરાજ અપવાદરૂપ રહ્યા હતા. આ ત્રણેએ જે રીતે બેટિંગ કરી બતાવી તેનાથી તેમનામાં બેટિંગ કૌશલ્ય કેટલું અલગ હતું તે સમજી શકાયું, અહીં ચોથી ઈનિંગમાં અભિગમ પણ એક મોટું પરિબળ હતું જેના પર સ્ટાર બેટ્સમેન સંપૂર્ણપણે નિષ્ફળ ગયા. ભારતે લોર્ડ્સમાં પહેલાથી જ જીતી ગયેલી મેચ હારી ગઈ અને ઈતિહાસ બનાવવાની તેમજ સીરિઝમાં સરસાઈ લેવાની તક ગુમાવી દીધી તેની પાછળ ઘણાં કારણો છે પણ અહીં મહત્વના કારણો પર આપણે નજર નાંખીશું.

## ખરાબ અભિગમ, ખરાબ શોટ, રિધમ બગાડી ગયા

બીજી ઈનિંગમાં બેટિંગ કરવા આવતા પહેલા મેનેજમેન્ટે યશસ્વી જયસ્વાલને શું સૂચનાઓ આપી હતી તે એક પ્રશ્ન છે. જ્યારે શરૂઆતની ઓવરોમાં સ્થિરતા અને ખાસ કરીને છેલ્લા સેશનમાં વિકેટ ન ગુમાવવી એ સૌથી મોટી પ્રાથમિકતા હતી, ત્યારે યશસ્વી જયસ્વાલ ખૂબ જ ખરાબ શોટ રમીને આઉટ થયો. ખૂબ જ ખરાબ અભિગમ જેના માટે જયસ્વાલ સજાને પાત્ર છે. શરૂઆતનો 'ટોન' જ ખરાબ લાગ્યો હતો અને ત્યાંથી બધું ખરાબ થઈ ગયું. અને થોડી જ વારમાં, દિવસના અંતે, ભારતનો સ્કોર 58 રન પર 4 થઈ ગયો, અને ભારતે 193 રનનો પીછો કરવા માટે જરૂરી અને આવશ્યક માનસિક ફાયદો ગુમાવી દીધો.

## કરુણ નાયરે પોતાને મળેલી વધુ એક તક ગુમાવી

છેલ્લી બે ટેસ્ટ મેચમાં નિષ્ફળતા છતાં, ભારતીય મેનેજમેન્ટે કરુણ નાયરને લોર્ડ્સમાં વધુ એક તક આપી. ચોથી ઈનિંગમાં તેની અગાઉની બધી નિષ્ફળતાઓને ભરપાઈ કરવાની તેની પાસે એક સારી તક હતી. પરંતુ તે ફરીથી નિષ્ફળ ગયો. મોટાભાગના પ્રસંગોએ કરુણ સાથે જે થઈ રહ્યું છે તેનાથી વિપરીત એ છે કે તે શરૂઆતના મુશ્કેલ સમયમાંથી પસાર થયા પછી આઉટ થઈ રહ્યો છે. તેની નજર સ્થિર થયા પછી, તે ઓફ સ્ટમ્પની બહાર સ્વિંગ અને સીમનો યોગ્ય રીતે સામનો કરી શકતો નથી. બીજી ઈનિંગમાં, તે બોલ છોડવાનો પ્રયાસ કરતી વખતે LBW આઉટ થયો. અને હવે પરિસ્થિતિ એવી છે કે પ્રવાસમાં 6 ઈનિંગમાં 21.83 ની સરેરાશ સાથે, કરુણ નાયર એવા વળાંક પર ઉભો છે જ્યાંથી ફક્ત ભગવાન કે ભારતીય મેનેજમેન્ટ જ જાણે છે કે તે આગળ કયો રસ્તો લેશે.

## ભારતના સુપર સ્ટાર્સ બે આંકડા સુધી પહોંચી શક્યા નહીં!

લોર્ડ્સનું પરિણામ ટીમ ઈન્ડિયાને ક્યાં લઈ ગયું હોત અથવા હવે ક્યાં લઈ ગયું છે, તે ખૂબ જ મહત્વપૂર્ણ બાબત હતી. આવી સ્થિતિમાં, બીજી ઈનિંગમાં સુપર સ્ટાર્સ એટલે કે કેપ્ટન શુભમન ગિલ (6) અને ઋષભ પંત (9) નું યોગદાન અને જવાબદારી ઘણી મહત્વની હતી, પરંતુ શાનદાર ફોર્મમાં રહેલા ગીલે જરૂરિયાત સમયે પ્રદર્શન ન કર્યું અને જોફ્રાના એક સુંદર બોલે પંતની ઈનિંગનો અંત લાવી દીધો. બીજી ઈનિંગમાં બંને સુપર સ્ટાર્સ ધરાશાયી થઇ ગયા. અને આ બંનેમાંથી કોઈ પણ મોટી ઈનિંગ રમવામાં અસમર્થતા પણ હારનું એક મોટું કારણ સાબિત થઈ.

ટુ ધ પોઈન્ટ

**લોર્ડ્સ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટની ચોથી ઈનિંગમાં ભારતે ખરાબ બેટિંગ અભિગમ અને નબળા શોટ સિલેક્શનને કારણે માનસિક ફાયદો ગુમાવ્યો, જેના કારણે મેચ બગડી અને અંતે 22 રને હારવાનો વારો આવ્યો.સતત નિષ્ફળતાઓ છતાં કરુણ નાયરને તક મળી, પરંતુ તે સ્વિંગ અને સીમ બોલિંગનો સામનો કરવામાં નિષ્ફળ રહ્યો. કેપ્ટન શુભમન ગિલ અને ઋષભ પંત બીજી ઈનિંગમાં મહત્વપૂર્ણ સમયે મોટો સ્કોર કરવામાં નિષ્ફળ રહ્યા, જેના કારણે ટીમ નજીવા માર્જીનથી હારી એમ કહેવામાં કંઈ ખોટું નથી**

## કેએલ રાહુલે જેમી સ્મિથનો છોડેલો કેચ મોંઘો સાબિત થયો

પહેલી ઈનિંગમાં, જ્યારે જેમી સ્મિથનો વ્યક્તિગત સ્કોર ફક્ત પાંચ રનનો હતો ત્યારે કેએલ રાહુલે સ્લિપમાં તેનો સરળ કેચ છોડી દીધો હતો. જેમીએ પોતાને મળેલા એ જીવતદાનનો પૂરો ઉપયોગ કર્યો અને ખૂબ જ મહત્વપૂર્ણ અડધી સદી ફટકારવામાં સફળ રહ્યો. અને આ કેચ લોર્ડ્સમાં ભારતની 22 રનની હારનું એક મોટું કારણ પણ હતું. નીચલા ક્રમમાં ઈંગ્લિશ વિકેટકીપરની 51 રનની ઈનિંગે ભારતની હારમાં મોટો ફરક પાડ્યો. અને હારનું કારણ કેએલ રાહુલનો કેચ છોડવો હતો, જે 46 રન મોંઘો સાબિત થયો હતો.

## ઇંગ્લેન્ડની છેલ્લી ત્રણ વિકેટે ૧૦૦થી વધુ રન બનાવ્યા

ઈંગ્લેન્ડની પહેલી ઈનિંગમાં, ભારતે એક તબક્કે 271 રનમાં સાત વિકેટ ખેરવી દીધી હતી. અને જ્યારે અંતિમ પંચ મારવાનો સમય આવ્યો, ત્યારે ભારતીય બોલરો વિકેટ માટે તલપાપડ થઈ ગયા. પરિણામ એ આવ્યું કે ઈંગ્લેન્ડના છેલ્લા ત્રણ બેટ્સમેનોએ મળીને ઈંગ્લેન્ડનો સ્કોર 271થી 387 સુધી પહોંચાડ્યો, જેની પછીથી ભારતે બરાબરી કરી હતી. જો આ ત્રણ વિકેટ ખૂબ પહેલા લેવામાં આવી હોત, તો ટીમ ઈન્ડિયા પ્રથમ ઈનિંગમાં સારી લીડ મેળવી શકી હોત. જસપ્રીત બુમરાહે પહેલી ઈનિંગમાં ચાર વિકેટ લીધી હતી, પરંતુ છેલ્લા ત્રણ બેટ્સમેન 116 રન બનાવીને ભારત માટે ઊભી થયેલી સારી તકને ધોઈ નાંખી હતી.

# સતત છ નિષ્ફળતાઓ બાદ કરુણ નાયર માટે ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખવું મુશ્કેલ બનશે



સ્પેશિયલ કોમેન્ટ

કરુણ નાયરને ફરીથી ભારતીય જર્સી પહેરવા માટે આઠ વર્ષ સુધી રાહ જોવી પડી હતી, પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં તેની બીજી ઈનિંગના ૨૫ દિવસની અંદર, કર્ણાટકના આ બેટ્સમેન માટે ઈંગ્લેન્ડ સામેની વર્તમાન ટેસ્ટ સીરિઝમાં સતત છ નિષ્ફળતાઓ બાદ ટીમમાં પોતાનું સ્થાન જાળવી રાખવું મુશ્કેલ બની શકે છે. ઘરેલુ ક્રિકેટમાં ઘણા રન બનાવ્યા બાદ ભારતીય ટીમમાં વાપસી કરનાર નાયરે કેન્ટરબરીમાં ઈંગ્લેન્ડ લાયન્સ સામે ઈન્ડિયા એ માટે બેવડી સદી ફટકારીને આ પ્રવાસની શાનદાર શરૂઆત કરી હતી. આ પ્રદર્શન સાથે, તેણે પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન માટેનો પોતાનો દાવો મજબૂત બનાવ્યો હતો.

હેડિંગલી, એજબેસ્ટન અને લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામેની ત્રણ ટેસ્ટ મેચ પછી, નાયરે 22થી ઓછી સરેરાશથી ફક્ત 131 રન બનાવ્યા છે. ગૌતમ ગંભીરના નેતૃત્વ હેઠળના ટીમ મેનેજમેન્ટ માટે આ આંકડાઓને અવગણવા ખૂબ મુશ્કેલ રહેશે. લીડ્સમાં તેની ડેબ્યૂ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં નિષ્ફળ રહેલા સાઈ સુદર્શને બીજી ઈનિંગમાં 30 રન બનાવ્યા હતા અને આ સમય દરમિયાન તે ખૂબ જ આરામદાયક દેખાતો હતો. જોકે, ટીમે નાયર સાથે આગળ વધવાનું પસંદ કર્યું કારણ કે તે લગભગ 34 વર્ષનો છે, જ્યારે યુવા બેટ્સમેન સુદર્શન પાસે હજુ પણ પોતાને સાબિત કરવા માટે ઘણો સમય છે.

**કરુણ નાયર પાંચ ટેસ્ટની સીરિઝમાં અત્યાર સુધી રમાયેલી ત્રણેય મેચમાં સંપૂર્ણપણે બિનઅસરકારક દેખાતો હતો એવું કહી શકાય તેમ નથી. આ સમયગાળા દરમિયાન તેણે કુલ 249 બોલનો સામનો કર્યો હતો, પરંતુ તે ઉત્તમ ઝડપી બોલિંગ અને સ્વિંગ સામે અસ્વસ્થ લાગતો હતો અને તે પ્રતિક્રિયા આપવામાં થોડો મોડો પડી રહ્યો હોવાનું લાગી રહ્યું છે**

નાયર માટે કરો યા મરો જેવી પરિસ્થિતિ હતી. ગંભીર અને કેપ્ટન શુભમન ગિલનો પણ તેને પૂરતી તકો આપવા પાછળ ઘણો તર્ક હતો. એવું નથી કે નાયર ત્રણેય મેચમાં સંપૂર્ણપણે બિનઅસરકારક દેખાતો હતો. આ સમયગાળા દરમિયાન તેણે કુલ 249 બોલનો સામનો કર્યો હતો, પરંતુ તે ઉત્તમ ઝડપી બોલિંગ અને સ્વિંગ સામે અસ્વસ્થ લાગતો હતો. ક્રિસ વોક્સની લગભગ 130 કિમી પ્રતિ કલાકની ગતિ સામે તેને કોઈ સમસ્યા નહોતી, પરંતુ બ્રેડન કાર્સ અથવા જોફ્રા આર્ચરની ઝડપી ગતિ સામે તે થોડો અસ્વસ્થ લાગતો હતો. તેની રમતનું વિશ્લેષણ કરતા, માજી ભારતીય પસંદગીકાર અને દિલ્હી રણજી ટીમના માજી કોચ દેવાંગ ગાંધીએ કહ્યું હતું કે, તે સખત મહેનત કરી રહ્યો છે પરંતુ અચાનક તેની એકાગ્રતામાં ખલેલ પહોંચી રહી છે. લીડ્સમાં રમાયેલી પ્રથમ ટેસ્ટની શરૂઆતની ઈનિંગને બાદ કરતાં, તેણે દરેક ઈનિંગમાં ઓછામાં ઓછા 30 બોલનો સામનો કર્યો છે. આનો અર્થ એ છે કે તે સખત મહેનત કરી રહ્યો છે પરંતુ તેની એ મહેનત પરિણામ લાવી રહી નથી. ગાંધીએ કહ્યું હતું કે નાયર બોલ પર પ્રતિક્રિયા આપવામાં થોડો સમય લઈ રહ્યો છે. જો તમે નજીકથી જોશો તો, જ્યારે બોલર બોલ છોડવાનો હોય છે, ત્યારે તેનો આગળનો પગ હવામાં હોય છે અને આનો અર્થ એ થાય કે તે બેકફૂટ પર જવા માંગે છે. આને કારણે તે બોલ પર પ્રતિક્રિયા આપવામાં સમય લઈ રહ્યો છે. આ તકનીકથી તે વોક્સની ગતિ સાથે એડજસ્ટ થઈ શકે છે, પરંતુ આર્ચર, કાર્સ અને સ્ટોક્સની ગતિનો સામનો કરતી વખતે તે મુશ્કેલીમાં જોવા મળે છે.

ગાંધીએ કહ્યું કે તેની કારકિર્દીના આ તબક્કે તેણે થોડી ઝડપથી પ્રતિક્રિયા આપવી પડશે અથવા બોલરોની ગતિ અનુસાર પ્રતિક્રિયા આપવાનું નક્કી કરવું પડશે. જોકે, આ ઉંમરે આ ફેરફાર કરવો મુશ્કેલ છે. ભારત 23 જુલાઈથી ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે આગામી ટેસ્ટ રમશે અને ટીમ મેનેજમેન્ટ પાસે નાયરને બીજી તક આપવી કે નહીં તે નક્કી કરવા માટે પૂરતો સમય હશે. ગાંધી અને ભારતના માજી વિકેટકીપર દીપ દાસગુપ્તા બંને માને છે કે હવે સુદર્શનને તક આપવાનો સમય આવી ગયો છે. દાસગુપ્તાએ કહ્યું હતું કે તમારે ભવિષ્ય તરફ જોવું પડશે. કરુણ 34 વર્ષની નજીક છે અને સાઈ 21 વર્ષનો છે. જો તમે નક્કી કર્યું છે કે સાઈ તમારા માટે ભવિષ્યનો ખેલાડી છે, તો તેને ઈંગ્લેન્ડમાં ટેસ્ટ રમવાનો અનુભવ મેળવવો પડશે. તે હજુ પણ શીખી રહ્યો છે અને વધુ સારો થશે.

### સાઇના નેહવાલથી લઈને હાર્દિક, શમી ચહલ સુધી,

# સ્પોર્ટ્સ કપલ્સના છૂટાછેડા એક અલગ જ તાસીર

બેડમિન્ટન સ્ટાર સાયના નેહવાલના પતિ પારુપલ્લી કશ્યપથી અલગ થવાના સમાચારે સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. લંડન ઓલિમ્પિક્સ 2012માં બ્રોન્ઝ મેડલ જીતનાર સાઈનાએ સોશિયલ મીડિયા પર આ સમાચારની જાહેરાત કરી હતી. આ દંપતીએ 2018માં લગ્ન કર્યા હતા. સાઈના અને પારુપલ્લી બંનેએ હૈદરાબાદની પુલેલા ગોપીચંદ એકેડેમીમાં તાલીમ લીધી હતી. જોકે, આ પહેલી વાર નથી જ્યારે કોઈ ખેલાડી પોતાના જીવનસાથીથી અલગ થયો હોય. અહીં કેટલાક ભારતીય ખેલાડીઓની યાદી છે જેઓ આખરે પોતાના જીવનસાથી સાથે સુખી લગ્ન જીવન જીવવામાં નિષ્ફળ ગયા છે અને તેમાં શિખર ધવન, હાર્દિક પંડ્યા, મહંમદ શમી, યુઝવેન્દ્ર ચહલ તેમજ સાનિયા મિર્ઝા જેવા ખેલાડીઓના નામ સામેલ છે.

સ્પેશિયલ રિપોર્ટ

**ભારતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ બેડમિન્ટન સ્ટાર સાઈના નેહવાલે 35 વર્ષની વયે તેના તરુણવયના સાથી અને પતિ 38 વર્ષિય પારુપલ્લી કશ્યપ સાથે લગ્ન કર્યાના સાત વર્ષ પછી હવે બંનેએ પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ સમાચારથી વિશ્વભરના રમત પ્રેમીઓને આઘાત લાગ્યો છે.**



## શિખર ધવન-આયેશા મુખર્જી

ભારતીય ક્રિકેટ ટીમના માજી ઓપનર શિખર ધવન અને તેની ભૂતપૂર્વ પત્ની આયેશા મુખર્જીના ઓક્ટોબર ૨૦૨૩માં છૂટાછેડા થયા હતા. ધવને ૨૦૧૨માં ઓસ્ટ્રેલિયામાં રહેતી આયેશા સાથે લગ્ન કર્યા હતા અને તેમને એક પુત્ર ઝોરાવર છે. દિલ્હીની એક કોર્ટે ધવનને છૂટાછેડા આપ્યા હતા. ધવન લાંબા સમયથી તેના પુત્ર ઝોરાવરને મળી શક્યો નથી. ઝોરાવર આયેશા સાથે ઓસ્ટ્રેલિયામાં છે.

## મહંમદ શમી-હસીન જહાં

ભારતના સ્ટાર ઝડપી બોલર મહંમદ શમી અને તેની પત્ની હસીન જહાંના લગ્ન એ જેટલું ધ્યાન ખેંચ્યું હતું તેટલું જ ધ્યાને તેમની વચ્ચેના ખટરાગે પણ ખેંચ્યું હતું. હસીને શમી પર ઘરેલુ હિંસા અને છેતરપિંડીનો આરોપ લગાવ્યો હતો. આ પછી, આ દંપતી 2018માં અલગ થઈ ગયું. બંને અત્યાર સુધી છૂટાછેડા લઈ શક્યા નથી અને આ કેસ કોર્ટમાં છે. આ ઉપરાંત, ભરણપોષણ અને અન્ય બાબતો માટે કાનૂની લડાઈ પણ ચાલી રહી છે.





## હાર્દિક પંડ્યા-નતાશા સ્ટેનકોવિક

ભારતના સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ વર્ષ 2024માં મોડેલ નતાશા સ્ટેનકોવિક સાથે છૂટાછેડા લીધા હતા. આ દંપતીએ સોશિયલ મીડિયા પર આ નિર્ણય જાહેર કર્યો હતો. બંનેને એક પુત્ર અગસ્ત્ય પણ છે. જોકે, બંને અલગ થઈ ગયા છે. રસપ્રદ વાત એ છે કે હાર્દિકે નતાશા સાથે કુલ ત્રણ વખત લગ્ન કર્યા હતા. કોર્ટ મેરેજ પછી, આ દંપતીએ પહેલા હિન્દુ વિધિ અને પછી ખ્રિસ્તી વિધિ અનુસાર લગ્ન કર્યા હતા.

## સાઇના નેહવાલ-પારુપલ્લી કશ્યપ

ભારતની ઓલિમ્પિક મેડલ વિજેતા બેડમિન્ટન સ્ટાર સાઈના નેહવાલ અને તેના પતિ પારુપલ્લી કશ્યપે પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય જાહેર કર્યો છે. રવિવારે, સાઈનાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી જેણે રમત જગતને આશ્ચર્યચકિત કરી દીધું. બે વખતની કોમનવેલ્થ ગેમ્સ ચેમ્પિયન સાઈનાએ લખ્યું હતું કે જીવન ક્યારેક આપણને અલગ દિશામાં લઈ જાય છે. ખૂબ વિચાર કર્યા પછી, મેં અને કશ્યપ પારુપલ્લીએ અલગ થવાનો નિર્ણય લીધો છે. અમે આપણા અને એકબીજા માટે શાંતિ, વિકાસ અને ઉપચાર પસંદ કરી રહ્યા છીએ.





## સાનિયા મિર્ઝા-શોએબ મલિક

ભારતીય ટેનિસ સ્ટાર સાનિયા મિર્ઝાએ 2010માં માજી પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિક સાથે લગ્ન કર્યા હતા. આ દંપતીએ 2024માં અલગ થવાની જાહેરાત કરી હતી. જોકે, સાનિયા અને શોએબ છેલ્લા ઘણા મહિનાઓથી અલગ રહેતા હતા. અલગ થવાના સમાચાર જાહેર થયાના થોડા દિવસો પછી જ મલિકે પાકિસ્તાની અભિનેત્રી સના જાવેદ સાથે લગ્ન કર્યા, જ્યારે સાનિયાએ સિંગલ રહેવાનો નિર્ણય કર્યો હતો.

## યુઝવેન્દ્ર ચહલ-ધનશ્રી વર્મા

ભારતના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે વર્ષ ૨૦૨૦ માં સોશિયલ મીડિયા પ્રભાવક અને નૃત્યાંગના ધનશ્રી વર્મા સાથે લગ્ન કર્યા હતા. જોકે, માર્ચ 2025માં આ દંપતીના છૂટાછેડા થયા હતા. તેમની અરજી મુજબ, તેઓ જૂન 2022માં અલગ રહેતા થયા હતા. આ વર્ષે પાંચ ફેબ્રુઆરીએ, તેઓએ પરસ્પર સંમતિથી છૂટાછેડા મેળવવા માટે ફેમિલી કોર્ટ સમક્ષ સંયુક્ત અરજી દાખલ કરી હતી. કોર્ટે કેસની સુનાવણી કરતી વખતે છૂટાછેડા માટે સંમતિ આપી હતી.

